R. EXE. NO. 02 OF 2026
Order Below ex - 01

## – :: આંક – ૦૧ તળે વિશેષ હુકમ :: –

આ કામના દરખાસ્ત લેણદાર તરફે આવેલ હાલની આ દરખાસ્ત દાખલ કરવામાં આવતા આ કામના દરખાસ્તના દેણદારને અદાલત તરફથી નોટીસ કરવામાં આવતા આ કામે નોટીસ દરખાસ્તના દેણદારને બજવણી થયેલ. ત્યાર બાદ દરખાસ્તના લેણદાર તરફે આપવામાં આવેલ અરજીના અનુસંધાને દરખાસ્તના દેણદાર વિરૂધ્ધ જંગમ મિલ્કતનું જપ્તી વોરંટ કાઢવાનો આદેશ કરવામાં આવેલો. આ કામે જપ્તી વોરંટ બજવણી કરવા માટે બેલીફશ્રી તરફથી સંસ્થાના અધિકારીશ્રીને જાણ કરવામાં આવેલ હોવા છતા બજવણી માટે હાજર રહેવાની દરકાર કરવામાં આવેલ નહી હોવાથી વોરંટની બજવણી થઈ શકેલ નથી. આ કામના દરખાસ્તના લેણદારને પુરતો સમય આપવામાં આવેલ હોવા છતા તેઓએ પુરતી દરકાર કરેલ નહી હોવાનું ધ્યાને લેતા વધુ સમય આપવાનું વ્યાજબી અને ન્યાયોચિત જણાઈ આવતું નથી. આ કામના દરખાસ્તના લેણદારની ગેરહાજરીના કારણોસર આ કામ આગળ ચાલી શકતુ નથી. દરખાસ્તના લેણદારને વોરંટ બજવણી માટે હાજર રહેવા સુચના આપવા છતા હાજર રહીને બજવણી માટેનો કોઈ પ્રયત્ન કરવામાં આવતો નથી. જો દરખાસ્તના લેણદાર તરફથી આ કામે આગળની કાર્યવાહી કરવામાં સહકાર આપવાનો પ્રયત્ન કરવામાં આવે નહી તો આ દરખાસ્ત દરખાસ્તના લેણદારની કસુરના કારણે ડીસમીસ ફોર ડીફોલ્ટ કરવાની રહે તેવી કાયદાની સ્થિતિ જણાઈ આવે છે.

નામદાર મહેરબાન સર્વોચ્ચ અદાલતે જયારે કોઈ પણ દરખાસ્ત છ માસમાં પુરી કરાવાનો આદેશ કરેલ છે ત્યારે છ માસમાં દરખાસ્ત પુરી થાય

તે માટે દરખાસ્તના લેણદારે પણ અદાલતમાં મુદત પહેલા બજવણી કરવા માટે અચુક હાજર રહી આગળની કાર્યવાહી કરવામાં સહકાર આપવાનો રહે. જો દરખાસ્તના લેણદાર અચુક હાજર રહી કાર્યવાહી આગળ ચલાવવા સહકાર આપે નહી તો સ્વાભાવિક રીતે નામદાર મહેરબાન સર્વોચ્ચ અદાલતના આદેશનું પાલન કરવાની દરખાસ્તના લેણદારની વૃત્તિ હોવાનું કહી શકાય નહી. આ હકીકતો ધ્યાને લેતા આ કામના દરખાસ્તના લેણદારની કસુરના કારણે આ દરખાસ્ત ડીસમીસ ફોર ડીફોલ્ટ કરવાનો આદેશ કરવાનું વ્યાજબી અને ન્યાયોચિત જણાઈ આવે છે.

ઉપરોકત રેકર્ડ ઉપરની તમામ હકીકતો તથા કારણો તથા સંજોગો તથા કાયદાની સ્થિતિ તથા પરીસ્થિતિ ધ્યાને લેતા, નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**– :: આખરી હુકમ :: –**

૧. આ કામના દરખાસ્તના લેણદાર તરફથી રજુ રાખવામાં આવેલ હાલની આ દરખાસ્ત આથી દરખાસ્તના લેણદારની કસુરના કારણે ડીસમીસ ફોર ડીફોલ્ટ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આ દરખાસ્તના ખર્ચ અંગે અલગથી કોઈ હુકમ કરવામાં આવતો નથી.

આ હુકમ આજરોજ તારીખ – ૧૦ મી, માહે – એપ્રિલ , સને – ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરીને જાહેર કરવામાં

આવ્યો.

તા. ૧૦/૦૪/૨૦૨૬
સ્થળ:સિહોર

(પરેશગીરી નટવરગર ગોસ્વામી)
પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજ
સિહોર, જી. – ભાવનગર.
કોડ નં. – જીજે – ૦૧૦૩૭

(બી.બી.ગોસાઇ)